EDIIના પાસઆઉટ પાર્થ મહેતાનું સ્ટાર્ટ-અપ '9834 ધ ફ્રૂટ ટ્રક' પીરસે છે એક્ઝોટિક ફ્રૂટ્સની અવનવી વાનગીઓ

# ફ્રૂટ ફ્યુઝનઃ જાંબુ ફ્લેવર 'ટકીલા' અને ફ્રૂટ ટાટ પિત્ઝા !

**અમદાવાદમાં રહેતા પાર્થ મહેતા દ્વારા '9834 ધ ફ્રૂટ ટ્રક' નામથી સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદીઓને એક્ઝોટિક ફ્રૂટની વિવિધ ડીશીઝ પીરસાય છે. મોટાભાગના ફ્રૂટ્સ દેશ-વિદેશમાંથી મંગાવવામાં આવે છે.**

ગોપાલ મહેતા @ahm_cb

વિશ્વના બિઝનેસ માર્કેટમાં આજે નવા આઈડિયાની ડિમાન્ડ છે, જો વ્યક્તિ પાસે નવો આઈડિયા હોય અને તેને પોતાનો આડિયાને કેવી રીતે ડેવલોપ કરવો તેની જાણ હોય તો એ માર્કેટમાં જરૂરથી પોતાની બાજી રમી જતો હોય છે. આવી જ એક વાત ઈડીઆઈઆઈમાંથી પાસઆઉટ થયેલા અમદાવાદના પાર્થ મહેતાની છે. પાર્થ દ્વારા '9834 ધ ફ્રૂટ ટ્રક' નામથી એક સ્ટાર્ટ-અપ શરૂ કરાયું છે. પાર્થે અમદાવાદીઓના ટેસ્ટને પારખીને એક નવી વેરાઈટી સાથે માર્કેટમાં આવવાનું નક્કી કર્યું. તેના આ સ્ટાર્ટ-અપમાં અમદાવાદીઓને એક નવા જ પ્રકારે ફ્રૂટ્સની વિવિધ ડિશીઝ પીરસવામાં આવે છે. પોતાના સ્ટાર્ટ-અપ અંગે વાત કરતા પાર્થ કહે છે કે, 'હું EDIIમાંથી પાસઆઉટ થયો ત્યારે મારે નવા આઈડિયા સાથે માર્કેટમાં આવવું હતું. સામાન્ય રીતે નોર્મલ ફ્રૂટથી તો અમદાવાદીઓ વાકેફ હતા પણ મારે તેઓને ફ્રૂટ્સમાં નવી ડિશીઝ આપવી હતી એટલે મેં એક્ઝોટિક ફ્રૂટ્સ અમદાવાદીઓને પીરસવાનું નક્કી કર્યું.'

## નોર્મલ ફ્રૂટ્સથી વાકેફ અમદાવાદીઓને કંઇક નવું આપવું હતું : પાર્થ મહેતા



સ્ટાર્ટ-અપ બિઝનેસ શરૂ કરનાર પાર્થ મહેતા પોતાની '9834 ધ ફ્રૂટ ટ્રક' સાથે

### નટેલા-ડ્રેગન ફ્રૂટથી ભરપૂર પિત્ઝા



અમે સૌપ્રથમ ઘરે કૂકીનો પિત્ઝા બનાવીએ છીએ. તેની પર નટેલા નાખવામાં આવે છે. ત્યારબાદ તેના પર કીવી, તમામ ડ્રેગન ફ્રૂટ નાખવામાં આવે છે. આ ફ્રૂટ ટાટને અમદાવાદીઓને પિત્ઝાની જેમ સર્વ કરવામાં આવે છે. જેને અમદાવાદીઓ ફ્રૂટ પિત્ઝા કહે છે.

### જામૂન શોટ્સ: 60 MLના ગ્લાસમાં સર્વ કરાય છે



જાંબુના ઠળિયા કાઢીને તેને ફ્રોઝન(1 કિલોનું પેકિંગ) કરવામાં આવે છે. ત્યારબાદ ઓર્ડર મળ્યા પછી તેમાં જાંબુનો થોડો પલ્પ નાખીને તેમાં થોડું પાણી અને ખાંડ એડ કરવામાં આવે છે. ત્યારબાદ 60 MLના એક ગ્લાસમાં તેને સર્વ કરાય છે. ગ્લાસની ધાર પર મીઠું લગાડવામાં આવે છે. અમદાવાદીઓ આ જાંબુન શોટર્સને ટકીલાની જેમ જુએ છે.

### કેળા સાઉથ આફ્રિકાથી, બેરીઝ નેધરલેન્ડથી આવે છે

થાઈલેન્ડથી મેંગો સ્ટીમ, રમ્બુટા, રોઝ એપલ, થાઈ ગ્લાવા, લોંગન વીચી મંગાવવામાં આવે છે. જ્યારે તમામ બેરીઝ જેમ કે બ્લૂ બેરીઝ, બ્લેક બેરીઝ, મોલ બેરીઝ નેધરલેન્ડથી આવે છે. નેક્ટરીન અને પીચ કેલિફોર્નિયાથી આવે છે. એપલ અને ગ્રેનીસ પીસ યુ.એસથી આવે છે. પેર અને બનાના સાઉથ આફ્રિકાથી અને સ્ટાર ફ્રૂટ, ડ્રેગન ફ્રૂટ અને ડ્યૂરિયન મલેશિયાથી આવે છે.